તાપમાન
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૭ | ૧૭ જૂન, ૨૦૧૬, શુક્રવાર ; જેઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## રાજન વધુ બે અવધિ સુધી રહે તે જરૂરી : નારાયણ મુર્થિ

**આરબીઆઇ ગવર્નરને નારાયણ મુર્થિનો ટેકો : રાજન બીજી અવધિ માટે આરબીઆઇના ગવર્નર તરીકે રહેવા જોઇએ કે કેમ તેને લઇને ચાલતી ચર્ચા વચ્ચે નિવેદન**



બેંગલોર,તા. ૧૬

આરબીઆઇના ગવર્નર તરીકે રઘુરામ રાજન જારી રહેવા જોઇએ કે કેમ તેને લઇને ચાલી રહેલી ચર્ચા વચ્ચે હવે નારાયણ મુર્થિએ પણ પોતાના અભિપ્રાય આપ્યા છે. મુર્થિએ કહ્યુ છે કે રાજન વધુ બે અવધિ સુધી આરબીઆઇ ગવર્નર તરીકે રહે તે જરૂરી છે. આના માટે તેઓ દાવેદાર પણ છે. રાજન વધુ બે અવધિ માટે લાયક છે. મોનેટરી પોલીસીમાં તેમના ટ્રેક રેકોર્ડને જોઇને મુર્થિ ભારે પ્રભાવિત થયા છે. એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમાં મુર્થિએ કહ્યુ છે કે રાજન ખુબ સારી કામગીરી અદા કરી રહ્યા છે. ૬૯ વર્ષીય મુર્થિએ અન્ય મુદા પર પણ વાત કરી છે. મુર્થિએ કહ્યુ છે કે ઇન્ફોસીસ કપંનીને ખુબ સારી રીતે વિશાળ સિક્કા દ્વારા હાથ ધરવામાં આવી છે. મુર્થિએ કહ્યુ છે કે રાજન ભારત માટે સેવા આપી રહ્યા છે તે સારી બાબત છે. રાજન વધુ બે અવધિ માટે હકદાર છે. તેમણે કહ્યુ છે કે મોદી સરકારમાં કેટલાક લોકો રાજનનો વિરોધ કરી રહ્યા છે. જે બાબત યોગ્ય દેખાતી નથી. મુર્થિએ રાજન માટે બે વધુ અવધિની તરફેણ કરી છે. ભાજપના રાજ્યસભાના સાંસદ છેલ્લા કેટલાક દિવસથી રાજનનો જોરદાર વિરોધ કરી રહ્યા છે. જો કે પૂર્વ આઇએમએફના લડા અર્થશાસ્ત્રી ઇચ્છે છે કે રાજન આરબીઆઇના ગવર્નર તરીકે યથાવત રહે.તેમના કહેવા મુજબ દેશને રાજનની સેવાની હાલમાં જરૂર છે. કોર્પોરેટ ઇન્ડિયા તરફથી રાજનને જોરદાર ટેકો મળી રહ્યો છે. ૯૦ ટકા સીઇઓ ઇચ્છે છે કે રાજન હોદ્દા પર યથાવતરીતે જારી રહે.

# કઠોળના ભાવ આસમાને

**બફર સ્ટોક વધારવાનો આખરે નિર્ણય : કઠોળના ભાવ કિલોદીઠ ૨૦૦ રૂપિયાની સપાટી ઉપર : સામાન્ય લોકોને કોઇ તકલીફ ન પડે તે માટે છુટક વેચાણ માટે બફર સ્ટોકને પાંચગણો વધારીને આઠ લાખ ટન કરાયો છે : અડદનો ભાવ કિલોદીઠ ૧૯૬**

નવી દિલ્હી,તા. ૧૬

જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. આજે કઠોળના ભાવ કિલો ૨૦૦ રૂપિયા સુધી પહોંચી ગયા હતા. કેન્દ્ર સરકારે હવે બફરસ્ટોકને પાંચ ગણો વધારીને આઠ લાખ ટન સુધી કરવાનો નિર્ણય કર્યો છે. રિટેલ વેચાણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૨૦ રૂપિયા કિલોના સબસિડીના રેટ ઉપર આ વેચાણ કરવામાં આવનાર છે. બફર સ્ટોકમાંથી વધુ કઠોળનો જથ્થો મેળવવામાં આવશે કે કેમ તે સંદર્ભમાં હજુ સુધી કોઇ માહિતી મળી શકી નથી. ભાવ વધારાના કારણે લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. ઘણા બધા રાજ્યો સસ્તા રેટમાં છુટક વિતરણ માટે કઠોળ માટે કેટલીક મર્યાદાઓને ઉઠાવી રહ્યા છે. આવી સ્થિતિમાં ભાવ વધારાને કાબૂમાં લેવા પગલા લેવામાં આવી રહ્યા છે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જાળવી રાખવામાં આવતા ડેટા મુજબ આજે છુટક ભાવ આસમાને રહ્યા હતા. મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં



સરકારે કઠોળના બફર સ્ટોકને વધારી દેવાનો નિર્ણય કર્યો છે અને આઠ લાખ ટન સુધી લઇ જવાનો નિર્ણય કર્યો છે. ગઇકાલે મોડી રાત્રે જારી કરવામાં આવેલી યાદીમાં આ મુજબની વાત કરવામાં આવી હતી. નાણાપ્રધાન અરુણ જેટલીના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આ નિર્ણય લેવાયો હતો. મંત્રાલય દ્વારા રચવામાં આવેલી આંતર પેનલની ભલામણો મુજબ આ નિર્ણય લેવાયો હતો. આ વર્ષે શરૂઆતમાં ટાર્ગેટ કઠોળના ૧.૫લાખ ટનના બફર સ્ટોકનો હતી. હજુ સુધી આ હેતુ માટે ૧.૧૫ લાખ ટનની ખરીદી કરવામાં આવી છે. પ્રાઇઝ સ્ટેબિલાઇઝેશન ફંડની પણ રચના કરવામાં આવી છે. આંધ્ર, તેલંગાણા અને તમિળનાડુ માટે ૧૦૦૦૦ ટન છુટક વિતરણ માટે જારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઇકાલે યોજાયેલી બેઠકમાં જેટલી ઉપરાંત પ્રધાન રામવિલાસ પાસવાન,

● અનુસંધાન પાન-૭ પર

## એનએસજીના મામલે અમેરિકાના દબાણ બાદ ન્યુઝીલેન્ડ ભારત તરફે

**તુર્કી, ઓસ્ટ્રીયા, આયર્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા હજુ એનએસજીમાં ભારતની એન્ટ્રીને લઇને હજુ પણ વાંધો ધરાવે છે : અમેરિકા સાથે રહેતા મોટી રાહત**

નવી દિલ્હી,તા. ૧૬

ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (એનએસજી)માં ભારતની એન્ટ્રીને લઇને તેમના સભ્ય દેશો વચ્ચે રાજદ્વારી હલચલ હવે વધી ગઇ છે. આમાં અમેરિકાની સૌથી મોટી ભૂમિકા રહેલી છે. હજુ સુધી વિરોધ કરી રહેલા ન્યુઝીલેન્ડે અમેરિકાના દબાણ બાદ હવે ભારતને લઇને હળવુ વલણ અપનાવ્યુ છે. જ્યારે બાજી બાજુ તુર્કીએ આશ્ચર્યજનકરીતે ભારતનો વિરોધ કરતા દુવિધા ઉભી થઇ છે. તુર્કીએ પાકિસ્તાનની તરફેણમાં છે. તુર્કીની દલીલ છે કે ભારત અને પાકિસ્તાનની અરજી પર એક સાથે વિચારણા કરવાની જરૂર છે. પાકિસ્તાનના વડાપ્રધાનના વિદેશી બાબતોના સલાહકાર સરતાજ અજીજે આ મુદ્દે પાકિસ્તાનને સાથ આપવા બદલ તુર્કીનો આભાર માન્યો છે. વિયેનામાં ગયા સપ્તાહમાં જ બેઠક યોજાઇ હતી. એનએસજીના સભ્ય દેશો વચ્ચે આ બેઠક યોજાઇ હતી. ત્યારબાદ આવેલી બેઠકમાં કહેવામાં આવ્યુ છે કે તુર્કી ઉપરાંતન્યુઝીલેન્ડ,

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફારના અણસાર

**ચાર નવા ચહેરાઓને સામેલ કરાશે : ગિરીરાજસિંહ, નિહાલચંદ, નેઝ્મા હેપ્તુલાને પડતા મુકાય તેવી સંભાવના**

નવી દિલ્હી,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની ટીમમાં મોટાપાયે ફેરફાર કરવાની તૈયારીમાં દેખાઇ રહ્યા છે. કેબિનેટમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવનાર છે. જો કે, ચાર મુખ્ય ખાતાઓ નાણા, વિદેશ મંત્રાલય, સંરક્ષણ અને ગૃહ વિભાગમાં કોઇ ફેરફાર કરવામાં આવશે. અન્ય મંત્રાલયોમાં મોટાપાયે ફેરફાર થઇ શકે છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૯મીથી ૨૩મી જૂન વચ્ચે મોદી કેબિનેટનું વિસ્તરણ કરી શકે છે. કેબિનેટમાં ચાર નવા ચહેરાઓમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. કેન્દ્રીયમંત્રી ગિરીરાજ સિંહ, નિહાલચંદ અને નેઝ્મા હેપ્તુલ્લાને પડતા મુકવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. ૧૯મી અને ૨૩મી જૂન વચ્ચેના ગાળામાં રાષ્ટ્રપતિ ભવન પાસેથી રાષ્ટ્રપતિની ઉપલબ્ધતાના સંદર્ભમાં માહિતી માંગવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર


રાધે Prem Ni Mithaas

Buy sweets online from

premnimithaas.com

First hundred customers will get DISCOUNT*

USE PROMO CODE
RADHE10
*Offer Valid Till 31st JUNE

Namkeen | Snacks | Bakery | Dryfruits | Chocolates

Associated Stores in Gandhinagar
Sector - 11, Contact No. - +91 79 2324 9596
Sector-21, Contact No. - +91 79 2323 4840
Sector-29, Contact No. - +91 79 2322 1689
Raisan, Contact No. - +91 92280 02290

Sweets | Namkeen | Snacks
Bakery | Dryfruits | Chocolate

E : talk2us@premnimithaas.com
us on facebook.com/radhesweetsofficial

Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655




ભીમ અગિયારસ - જેઠ સુદ-૧૧ ભારતીય સંસ્કૃતિમાં ભીમ અગિયારસ તરીકે ઓળખાય છે... નિર્જળા અગિયારસ પણ મનાવાય છે... અસહ્ય ગરમીમાં ઠંડકની પ્રાર્થનાના પ્રતિકરૂપે ભગવાન સમક્ષ પાણીથી ભરેલી માટલીઓનો પ્રસાદ ધરાવાયો હતો... અને જે આગામી દિવસોમાં વરસાદ રૂપી ધરતીને પાવન કરે એવી પ્રાર્થના ભાવિકોએ કરી હતી.

## સાણંદમાં તાતા નેનો પ્લાન્ટના યુનિટમાં આગ : ભારે નુકસાન

**૧૨થી વધુ ફાયર ટેન્કરો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત ઉઠાવી**

સાણંદ, તા.૧૬

ગુજરાતના સાણંદ ખાતે તાતા નેનો વેન્ડર પાર્કમાં ભીષણ આગ ફાટી નિકળતા ભારે નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. જો કે, આમા કોઇપણ ખુવારી થઇ નથી પરંતુ ખુબ નુકસાન થયું છે. બપોરના ગાળામાં ૨.૩૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નિકળી હતી. બનાવની જાણ થતાં તરત જ ફાયરબ્રિગેડની ટુકડીઓ કાફલા સાથે પહોંચી ગઇ હતી અને આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધરાયા હતા. સાણંદ તાલુકામાં ટાટા નેનોનાં વેન્ડર પાર્કની અંદરના એક એન્સિલરી યુનિટમાં આજે બપોરે મોટી આગ ફાટી નીકળી હતી. નેનો કાર માટેના પાટ્ર્સ સપ્લાય કરતા અનેક એન્સિલરી યુનિટસ આ વેન્ડર પાર્કમાં છે. સાણંદ શહેરની લગભગ ૨૫ કિ.મી દુર આવેલા જીઆઇડીસી

● અનુસંધાન પાન-૭ પર


STOCK MARKET LEADER
REQUIRED FOR NEW OFFICE
AT INFOCITY / SECTOR - 21
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 2 Post - Male
Deserving Candidate will get best salary package.Walk with full CV.
Bestboi Fin Solution AP of Kotak Securities Ltd.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

વર્ષ ૨૦૧૬-૧૭ પ્રથમ વર્ષમાં પ્રવેશ ચાલુ છે.

સમર્પણ એજયુકેશન અને રીસર્ચ કેમ્પસ
સમર્પણ સ્કુલ ઓફ લૉ
સમર્પણ સાયન્સ અને કોમર્સ કૉલેજ
ખ-૭ સર્કલ, ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કૉલેજ પાસે, ગાંધીનગર.
જાણકારી માટે સંપર્ક કરો : Ph : 9228000033, M : 9408607551, M:9428062337, M: 7359101024
નોંધ : ચાલુ વર્ષે લૉ કૉલેજનું પરિણામ ૯૦% યુનિવર્સિટી ટોપર્સની યાદીમાં બે વિદ્યાર્થી સ્થાન ધરાવે છે

બાપુ ગુજરાત નોલેજ વિલેજ
BAPU GUJARAT KNOWLEDGE VILLAGE
શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ લૉ
શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ અને કોમર્સ
ગાંધીનગર-માણસા રોડ, વાસન, ગાંધીનગર
જાણકારી માટે સંપર્ક કરો : Ph: 91 79 23976170, M: 9428502579, M:9925545659.M:9662917809, M: 7359101024
ચાલુ વર્ષે લૉ કૉલેજનું પરિણામ ૮૫% યુનિવર્સિટી ટોપર્સની યાદીમાં ત્રણ વિદ્યાર્થી સ્થાન ધરાવે છે.

| કોર્સનું નામ | પાત્રતા | ફી નું ધોરણ (દર સેમેસ્ટરની) | | | | | કોર્સનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| | | વિદ્યાર્થીની કેટેગરી (માત્ર એક જ કેટેગરી માટે લાભ મળશે) | | | | | |
| | | જનરલ કેટેગરી | મેરીટોરીયશ વિદ્યાર્થી ૭૫% થી વધારે | વિદ્યાર્થીનીઓ માટે | SEBC | SC/ST | |
| બી.એ., એલ.એલ.બી (પાંચ વર્ષ ઈન્ટીગ્રેટેડ કોર્સ) (એપ્રુવ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન) અંગ્રેજી માધ્યમ | ✦ એચ.એસ.સી. (૧૦+૨ કે તેની સમકક્ષ પરીક્ષા કોઈપણ પ્રવાહમાં ૪૫% ઓપન કેટેગરી અને ૪૦% એસ.સી./એસ.ટી. કેટેગરી માટે પાસ કરેલી હોય) ✦ ગુજરાત યુનિવર્સિટી ઓનલાઈન એડમીશન પ્રોસેસમાં અરજી કરવામાં થી વંચિત રહ્યા હોય તેવા પણ અરજી કરી શકશે. ✦ CLAT પરીક્ષા આપેલી હોય ✦ એચ.એસ.સી. (૧૦+૨ બોર્ડની સપ્લીમેન્ટરી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ગુજરાત યુનિવર્સિટી ના નિયમો મુજબ) | રૂા. ૪૦,૦૦૦/- | રૂા. ૩૦,૦૦૦/- | રૂા. ૩૦,૦૦૦/- | રૂા. ૩૫,૦૦૦/- | રૂા. ૩૫,૦૦૦/- | બી.કોમ.,એલ.એલ.બી (પાંચ વર્ષ ઈન્ટીગ્રેટેડ કોર્સ) (એપ્રુવ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન) અંગ્રેજી માધ્યમ |
| | | કાયદાના અભ્યાસ પછી વ્યવસાયની તકો: ✦ જ્યુડીશરી સેવાઓ ✦ પબ્લિક પ્રોસીક્યુટર ✦ સિવિલ અને ક્રિમીનલ કોર્ટ કેસના વકીલ ✦ કાયદા સલાહકાર ✦ કંપનીમાં કાયદાકીય બાબતોના એનાલીસ્ટ ✦ દસ્તાવેજો બનાવવાના વકીલ ✦ ટેક્સ પ્રેક્ટિશનર ✦ ઈન્ટર્નશીપ-પ્રખ્યાત કંપનીઓમાં | | | | | |
| બી.એસ.સી. અને બી.કોમ. અંગ્રેજી માધ્યમ | ગુજરાત યુનિવર્સિટીના નિયમોનુસાર પ્રવેશ પ્રક્રિયા GUAC દ્વારા ONLINE-OFFLINE | | | | | | બી.એસ.સી. અને બી.કોમ. ગુજરાતી માધ્યમ |
| એલ.એલ.બી. ૩ વર્ષ | પ્રવેશ ફોર્મ માટે સંપર્ક કરો : સવારે ૯:૩૦ થી ૪:૩૦ કૉલેજના સરનામે | | | | | | એલ.એલ. બી. ૩ વર્ષ |